કામનું નામઃ– જામનગર જિલ્લામાં યોજતા પ્રોગ્રામ માટે મંડપ સમીયાણા ફર્નીચર વિગેરે ભાડે આપવાનું કામ.

**– : : : કામની શરતો : : : –**

| | |
|---|---|
| (૧) | હેલીપેડ તથા એપ્રોચ રોડ તથા વી.આઈ.પી.રૂટ ઉપર સલામતી માટે બતાવવામાં આવેલ જગ્યાએ જમીનમાં એક થી દોઢ ફુટ ઉંડાઈએ ખાડા ખોદી ૪"×૩" ના થાંભલા એવરેજ પાંચ ફુટ લંબાઈના ૨.૨૦ મીટર સેન્ટરે મજબુત રીતે ખોદી તથા આડા લાકડાના વડા ૩"×૨" ના ડબલ લાઈનના સીદરીથી મજબુત રીતે ક્રોસ ગાઠમાં બાંધી આપવાના રહેશે. તથા સદરહું ઉભા તથા આડા થાંભલાને બાંધવાનું તથા છોડવાનું તથા વુડન બેરીકેટસ તે લગત કામ માલ સામાન હેરફેર કરવાના તમામ ખર્ચી આ કામમાં સમાવેશ થઈ જાય છે. અને સીકયુરીટી અધિકારી જે સુચના આપે તે મુજબ હવાલાના એન્જીનીયરની સીધી દેખરેખ તળે સદરહુ વુડન બેરીકેટસને જે તે સ્થળે લંબાઈમાં બાંધી આપવાનું તથા પ્રોગ્રામ પુર્ણ થયે માલસામાન છોડીને લઈ જવાના સાથેના કામોનો આ કામમાં સમાવેશ થઈ જાય છે. ઉપર જણાવેલ ઉભા થાંભલા તથા આડી ડબલ લાઈન વડા સાથે જરૂરી સીંદરી તથા ખાડા ખોદવા તથા કાઢવા સાથે કંપલીટ કામના ૧ મીટરની લંબાઈ દીઠ સદરહું બેરાકેટસનું ચુકવણું કરવામાં આવશે. સમીયાણાનું ચુકવણું ચોરસ મીટર દીઠ કરવામાં આવશે. અને જે માટે પ્રોગ્રામ પહેલા અને પ્રોગ્રામ પુર્ણ થયા સુધી કુલ કામ માટે કોઈ પણ અલગ ચુકવણું કરવામાં આવશે નહી. |
| (૨) | ૧૫ મી ઓગષ્ટ, ૨૬ મી જાન્યુઆરી ના પ્રોગ્રામમાં રીહર્સલ રાખવામાં આવતું હોય છે. જે સામાન્ય રીતે બે દિવસ પહેલા હોય છે. ત્યારે રીહર્સલ વખતે જે કામગીરી તૈયાર કરેલ હશે. તેનું રીહર્સલ દરમ્યાન વપરાયેલ કામગીરીનું મજુરી કામનું ૨૫% લેખે (જે દિવસે જે કામગીરી કરેલ હોય તે કામગીરી કરેલ હોય તે કામગીરીના મંજુર થયેલ ભાવના ૨૫% લેખે મંજુરી કામનું વધારાના ચુકવવામાં આવશે.) જે ફકત રીહર્સલના દિવસ પુરતુ જ ચુકવણું કરવામાં આવશે. |
| (૩) | જો કોઈ પણ કામગીરી મુખ્ય ફંકશન પછી વધારાના દિવસો માટે રાખવાની થાય તો જે તે આઈટમના ભાવ પ્રથમ દિવસ માટે ૨૫% લેખે, બીજા દિવસ માટે ૨૦% લેખે, ત્રીજા દિવસ માટે ૧૫% લેખે તેમજ ત્યારબાદનાં પ્રત્યેક દિવસનાં ૧૦% લેખે ચુકવણું કરવામાં આવશે. |
| (૪) | મહાનુભાવોની મુલાકાત ગમે ત્યારે આકસ્મીક હોવાથી કોન્ટ્રાકટરે હવાલાના એન્જીનીયરની ટુંકી મુદત, મૌખીક, લેખીત કે ધ્વની સંદેશ કે દુરવાણી સંદેશ ધ્વારા મળેલ સુચના અન્વયે તાત્કાલીક શરૂ કરી આપેલ સમય મર્યાદામાં કામ પુર્ણ કરવાનું રહેશે. જો કામ શરૂ કરવામાં નહી આવે તો જે તે એજન્સીની ડીપોઝીટ જપ્ત કરી કાળી યાદીમાં મુકવામાં આવશે. જે અન્વયે કોઈ વાંધો વિરોધ ગ્રાહય રાખવામાં આવશે નહી. |
| (૫) | આ વાર્ષિક ભાવો હોય ગરીબ કલ્યાણ મેળા જેવા નાના પ્રોગ્રામ દરેક તાલુકામાં થતા હોય તે સિવાય કોઈ પણ જગ્યાએ બેરીકેટીંગ જેવી કામગીરી તાત્કાલીક કરવાની રહેશે. અન્યથા શરત–૪ મુજબ કાર્યવાહી કરવાની અત્રેથી ફરજ પડશે. |
| (૬) | આવી મુલાકાત દરમ્યાન કોઈ તોડફોડ નુકશાન કે આકસ્મીક અકસ્માતથી કોઈ પણ નુકશાન થાય તો તે ખાતા તરફથી સરભર કરવામાં આવશે નહી. કોન્ટ્રાકટરે પોતાના ખર્ચ ને જોખમે આ ભોગવવાનું રહેશે. આ અન્વયે વિમો વિગેરે ઉતારવાની થતો હોય તો તે કોન્ટ્રાકટરે ઉતારવાની રહેશે. |
| (૭) | પુર્ણ થયેલ કામકાજમાં સુરક્ષાના નોર્મ્સ મુજબ સ્થાનિક વહીવટી તંત્ર/ સુરક્ષા અધિકારીની સુચના અનુસાર હવાલાના ઈજનેરની સીધી દેખરેખ હેઠળ છેવટના ફેરફારો પણ કરી આપવાનાં રહેશે. જેનું અલગથી કોઈ જ ચાર્જીસ આપવામાં આવશે નહી. |
| (૮) | ભરેલા ભાવથી વધારે ભાવ કોઈ પણ સંજોગોમાં આપવામાં આવશે નહી. કોન્ટ્રાકટરે પોતે જ કામ કરવાનું રહેશે. આ કામ પેટા કોન્ટ્રાકટરથી આપી શકાશે નહી. |
| (૯) | ભાવો મંજુર થયેલી લગત નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, (મા×મ) વિભાગ સાથે નિયમ નમુનામાં નિયમોનુસાર કરારખત કરવાનું રહેશે. |
| (૧૦) | જે ઈજારદારનાં ભાવો મંજુર થાય તેને રૂા.૨,૦૦,૦૦૦/– ની એફ.ડી.આર. ૧–વર્ષની મુદતની ડીપોઝીટ તરીકે જમાં કરાવવાની રહેશે. જે ભાવની માન્યતા પૂર્ણ થયાનાં એક વર્ષ બાદ પરત કરવામાં આવશે. |
| (૧૧) | કરેલ કામનું ચુકવણું ગ્રાન્ટ ની ઉપલબ્ધતા મુજબ કરવામાં આવશે. |
| (૧૨) | ભાવો મંજુર ના– મંજુર કરવાની સતા નીચે સહી કરનાર અધિકારીશ્રીને અબાધિત રહેશે |
| (૧૩) | ઉપરોકત કામમાં જી.એસ.ટી. વગરનાં ભાવો લીધેલ હોય, જે ધ્યાને લઈ ઈજારદારશ્રી એ ટેન્ડર ભરવા અધિસુચીત કરવામાં આવશે. |
| (૧૪) | બીલમાંથી એસ.ડી. પેટે કપાત કરવાની રહેશે નહી. |
| (૧૫) | સદરહુ કામમાં ઈજારદારશ્રીને પ્રાઈઝ વેરીએશન અથવા સ્ટાર રેઈટનું ચુકવણું / રીકવરી કરવાની રહેશે નહી. |

ઉપરોકત શરતો નં. ૧ થી ૧૫ અમોએ વાંચી છે અને અમોને કબુલ મંજુર છે જે અમોને બંધનકર્તા રહેશે.

ઠેકેદારની સહી :–

નાયબ કાર્યપાલક ઈજનેર
શહેર (મા. અને મ.) પેટા વિભાગ
જામનગર

કાર્યપાલક ઈજનેર
જામનગર(મા. અને મ.) વિભાગ
જામનગર